# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-12-2025** **Midday : 1.20 to 1.30 PM**
**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

1) સંસદના બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરાયા- આ સાથે સંસદનું શિયાળુ સત્ર પૂર્ણ
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે WHO ના પરંપરાગત દવા પરના બીજા વૈશ્વિક શિખર સંમેલનના સમાપન સમારોહને સંબોધિત કરશે
3) દેશના વિવિધ ભાગોમાં ગાઢ ધુમ્મસને કારણે હવાઈ અને રેલ સેવા પ્રભાવિત
4) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજીએ વિવિધ શ્રેણીઓમાં પ્રવેશ પરીક્ષાઓ માટેની અરજી ફીમાં ઘટાડો કર્યો
5) ભારત-શ્રીલંકા વચ્ચે અંડર-૧૯ એશિયા કપની સેમિફાઇનલ મેચમાં વરસાદને કારણે વિલંબ

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી રાષ્ટ્રીય સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# HOUSE-ADJOURNED-SINE-DIE

સંસદના બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા છે.

આ સાથે, આજે 19 દિવસનું શિયાળુ સત્ર પૂર્ણ થયું. સૌપ્રથમ, લોકસભાને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી, ત્યારબાદ રાજ્યસભાને પણ સ્થગિત કરવામાં આવી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમના સમાપન ભાષણમાં જણાવ્યું કે સત્ર દરમિયાન કુલ 15 બેઠકો યોજાઈ હતી અને ગૃહની કાર્યવાહી આશરે 111 ટકા થઇ છે. તેમણે ગૃહની સુગમ કામગીરી સુનિશ્ચિત કરવામાં સહકાર આપવા બદલ તમામ સભ્યોનો આભાર પણ માન્યો.

(BYTE - OM BIRLA)

રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું કે ગૃહે લગભગ 92 કલાક કામ કર્યું અને 121 ટકા કાર્યવાહી કરાઇ છે. તેમણે જણાવ્યું કે સત્ર દરમિયાન 59 ખાનગી બિલ રજૂ કરવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે સત્રમાં ઐતિહાસિક અને લોકશાહી મહત્વના મુદ્દાઓ પર ઉચ્ચ ગુણવત્તાની ચર્ચા કરાઇ હતી તેમજ ચૂંટણી સુધારાઓ પર પણ ચર્ચા થઈ.

. . . . . . . . . . . . .

# PREZ-NATIONAL CONFERENCE (EARLY)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ હૈદરાબાદમાં રાજ્ય જાહેર સેવા આયોગ પીએસસી ના અધ્યક્ષોના બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું. સભાને સંબોધતા, રાષ્ટ્રપતિએ જાહેર સેવા આયોગોએ સિવિલ સેવકોની ભરતી કરતી વખતે પ્રામાણિકતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

યુપીએસસી સૌથી વિશ્વસનીય સરકારી સંસ્થાઓમાંની એક હોવાનું જણાવતા, તેમણે યુપીએસસી અને રાજ્ય પીએસસીને ઉભરતા પડકારોનો અંદાજ લગાવવા તેમજ વિશ્વસનીયતાને મહત્વ આપવા જણાવ્યું હતું.. તેલંગાણા પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન બી. વેંકટેશમે માહિતી આપી હતી કે બે દિવસીય કોન્ફરન્સ રાજ્ય પીએસસી અને યુપીએસસીને એકસાથે લાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે જેથી સરકારી નોકરી ભરતી પ્રક્રિયાઓમાં આવતા પડકારો અને સમસ્યાઓમાં સુધારાઓ પર ચર્ચા કરી શકાય.

. . . . . . . . . . . . . .

# PM-WHO-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વિશ્વ આરોગ્ય સંગઠન-WHO ના પરંપરાગત દવા પરના બીજા વૈશ્વિક શિખર સંમેલનના સમાપન સમારોહને સંબોધિત કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી આયુષ ક્ષેત્ર માટે એક મુખ્ય ડિજિટલ પોર્ટલ, માય આયુષ ઇન્ટિગ્રેટેડ સર્વિસીસ પોર્ટલ સહિત અનેક મુખ્ય પહેલો શરૂ કરશે. તેઓ આયુષ ઉત્પાદનો અને

સેવાઓની ગુણવત્તા માટે વૈશ્વિક માપદંડ તરીકે કલ્પના કરાયેલ આયુષ માર્કનું પણ અનાવરણ કરશે.

(BYTE - SAKLEN---WHO )

આ સમિટનું આયોજન WHO અને આયુષ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે કરવામાં આવી રહ્યું છે. આ પરિષદમાં આરોગ્ય પ્રણાલીઓને સુધારવા પર ચર્ચા કરવા માટે વૈશ્વિક નેતાઓ, નીતિ નિર્માતાઓ, વૈજ્ઞાનિકો,ચિકિત્સકો સહિત અનેક પ્રતિનિધિઓ એક સાથે જોડાશે.

. . . . . . . . . . . . .

## DHARMENDRA PRADHAN

**કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, AI શિક્ષણમાં પડકારોનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.**

**શ્રી પ્રધાને નવી દિલ્હીમાં શિક્ષણ અને શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ પર સલાહકાર સમિતિની ત્રીજી બેઠકમાં ખાસ કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણને વધુ સમાવિષ્ટ, સુલભ અને સમાન બનાવવા તરફ આગળ વધુ રહ્યા હોવાનું જણાવ્યું હતું**

. . . . . . . . . . . . . . . .

# CIVIL AVIATION-ADVISORY

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પ્રવર્તમાન ધુમ્મસની સ્થિતિને કારણે એરપોર્ટ કામગીરી પ્રભાવિત થઈ હોવાનું જણાવ્યું છે. મંત્રાલયે મુસાફરોને તેમની એરલાઇન્સ સાથે સંપર્કમાં રહેવા અને અપડેટ્સ માટે સત્તાવાર પ્લેટફોર્મ તપાસવા અપીલ કરી છે. આ સાથે મુસાફરોને સહાય કરવા માટે એરપોર્ટ પર સુવિધા ટીમો ઉપલબ્ધ હોવાનું પણ જણાવ્યું છે.

. . . . . . . . . . . . .

# TRAINS DELAYED

**દેશના વિવિધ ભાગોમાં ગાઢ ધુમ્મસને કારણે વિઝિબલિટી ઘટતા ઘણી ટ્રેનોની અવરજવર ખોરવાઈ છે. ભારતીય રેલ્વે અનુસાર, આશરે 60 ટ્રેનો પાંચ કલાક સુધી મોડી ચાલી રહી છે. મુસાફરોને સ્ટેશન પર જતાં પહેલા નવીનતમ ટ્રેનની સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવે છે.**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GOA LIBERATION DAY

ગોવા મુક્તિ દિવસ પર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે લોકોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગોવા મુક્તિ દિવસ પર સ્વાતંત્ર્ય સેનાનીઓના સમર્પણની પ્રશંસા કરી અને ગોવાના લોકોને ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ આઝાદી માટે લડનારાઓના બલિદાનને યાદ કરી કહ્યું કે આ બલિદાન ગોવાના સર્વાંગી વિકાસ માટે કામ કરવા માટે પ્રેરણા આપતા રહે છે.

શ્રી શાહે દેશભક્તોના મહાન બલિદાનને યાદ કર્યા. અને કહ્યું કે તેમના બલિદાનને કારણે જ ગોવા ભારતનો અભિન્ન ભાગ બન્યો.

. . . . . . . . . . . . . .

## NIFT- APPLICATION FEE

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજીએ વિવિધ શ્રેણીઓમાં પ્રવેશ પરીક્ષાઓ માટેની અરજી ફીમાં ઘટાડો કર્યો છે. કાપડ મંત્રાલયે જણાવ્યું હતું કે 2026-27ની બેચ માટે, ઓપન, OBC-NCL અને ઓપન-EWS શ્રેણીઓ માટેની અરજી ફી ત્રણ હજાર રૂપિયાથી ઘટાડીને બે હજાર રૂપિયા કરવામાં આવી છે. તેવી જ રીતે, SC, ST અને PwD ઉમેદવારો માટેની અરજી ફી પંદરસો રૂપિયાથી ઘટાડીને પાંચસો રૂપિયા કરવામાં આવી છે. પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે જે 6 જાન્યુઆરી 2026 ના રોજ પૂર્ણ થશે. આ પરીક્ષા 8 ફેબ્રુઆરી 2026 ના રોજ દેશભરના 100 થી વધુ શહેરોમાં લેવામાં આવશે.

. . . . . . . . . . . . . .

## J-K--BIRD-HAZARDS

જમ્મુ અને કાશ્મીર સરકારે સુરક્ષિત હવાઈ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે, બે સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓ કલમ 91 નું પાલન

સુનિશ્ચિત કરશે, જે એરપોર્ટ નજીક પક્ષીઓને આકર્ષિત કરતી પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરે છે અને વિમાનને લગતા પક્ષીઓના હુમલાને ઘટાડે છે.

સમિતિઓને શહેરી સ્થાનિક સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે સંકલનમાં બિન-અનુપાલન એકમોને બંધ કરવા અથવા સ્થાનાંતરિત કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. આ સમિતિઓ પાલન દેખરેખ પદ્ધતિને સંસ્થાકીય બનાવશે અને નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકને ત્રિમાસિક અહેવાલો આપશે.

. . . . . . . . . . . . . .

# J&K-GEN-G-POST OFFICE

જમ્મુ અને કાશ્મીરના વિજયપુર કેમ્પસમાં પ્રથમ જેન -ઝેડ પોસ્ટ ઓફિસના ઉદ્ઘાટન સાથે જમ્મુ અને કાશ્મીરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

ઓલ ઈન્ડિયા રેડિયો જમ્મુના સંવાદદાતાએ જણાવ્યું કે પોસ્ટ વિભાગની કેમ્પસ પોસ્ટ ઓફિસના આધુનિકીકરણ પહેલના ભાગ રૂપે શરૂ કરાયેલી આ સુવિધાનો હેતુ પરંપરાગત પોસ્ટલ સેવાઓને યુવા-કેન્દ્રિત, ટેકનોલોજી-આધારિત હબમાં પરિવર્તિત કરવાનો છે. જનરેશન Z ની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બનાવાયેલી આ પોસ્ટ ઓફિસમાં આધુનિક વાતાવરણ અને ડિજિટલ ચુકવણી વિકલ્પો છે. તે વિદ્યાર્થીઓ અને સ્ટાફની

સુવિધા માટે એક છત નીચે પોસ્ટલ, બેંકિંગ અને વીમા સેવાઓની સંકલિત સેવાઓ પૂરી પાડે છે.

. . . . . . . . . . . . .

## REV. CRICKET U19 ASIA CUP

ભારત અને શ્રીલંકા વચ્ચે અંડર-૧૯ એશિયા કપ ની સેમિફાઇનલ મેચમાં વરસાદને કારણે પિચ ભીની  હોવાથી ટોસમાં વિલંબ થયો છે.

ઉલ્લેખનીય છે કે આયુષ મ્હાત્રેની આગેવાની હેઠળની ભારતીય ટીમે અંડર-૧૯ એશિયા કપના ગ્રુપ સ્ટેજમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, ભારતે ગ્રુપ સ્ટેજમાં સંયુક્ત આરબ અમીરાત, પાકિસ્તાન અને મલેશિયાને હરાવ્યા છે.

. . . . . . . . . . . . .

## CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચમી અને અંતિમ ટી-20 આંતર-રાષ્ટ્રીય મૅચ આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. સાંજે સાત વાગ્યાથી મૅચ શરૂ થશે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ આ સ્પર્ધામાં 2-1થી આગળ છે. બુધવારે

લખનઉના એકાના સ્ટૅડિયમમાં ચોથી ટી-20 મૅચ ધુમ્મસના કારણે રદ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# BANGLADESH-UNREST CHHAYANAUT

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં, એક અગ્રણી બંગાળી સાંસ્કૃતિક સંગઠન છાયાનૌટના પરિસરમાં તોડફોડ અને આગ લગાવાની ઘટના બની છે. આ ઘટના ઇન્કિલાબ મંચના કન્વીનર શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બની હતી. રાજધાનીના ધનમોન્ડી વિસ્તારમાં છાયાનૌટ સાંસ્કૃતિક ભવનમાં રાત્રે લગભગ 1:30 વાગ્યે અજાણ્યા વ્યક્તિઓએ ઇમારતમાં ધૂસી, ફર્નિચર અને સંગીતનાં સાધનોની તોડફોડ કરી હતી અને પરિસરની અંદર અને બહાર શેરીમાં વસ્તુઓને આગ લગાવી હતી.ફાયર સર્વિસના કર્મચારીઓને ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

બાંગ્લાદેશની સૌથી અગ્રણી સાંસ્કૃતિક સંસ્થામાં આગ લગાડવાની આ ઘટનાએ વર્તમાન અશાંતિ વચ્ચે સાંસ્કૃતિક અને જાહેર સંસ્થાઓની સુરક્ષા અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરી છે.

. . . . . . . . . . . . .